# જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાન રોડ, સ્વપ્ન સૃષ્ટી રેસી. પાસે. જીયાવ બુડિયા રોડ, ભેસ્તાન - 395023
Phone:(0261)2995466, 2996466 E-mail: dietsurat@gmail.com Website: dietsurat.org

જા. ક્રમાંક/ડાયેટ/સુરત/ઈન્સ્પાયર /2024-3485-3499 તા: 2 /07/2024

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળા તમામ.
જિ: સુરત

વિષય: INSPIRE Award Scheme–MANAK વર્ષ 2024-25 માટે નોમિનેશન કાર્યશાળા બાબત.
સંદર્ભ: જીસીઈઆરટી નાં પત્ર: સાયન્સ/133353-450 તા:27/6/24

જયભારત સહ ઉપરોક્ત વિષય અને અન્વયે જણાવવાનું કે INSPIRE Award Scheme–MANAK અન્વયે વર્ષ 2024-25 માટે ઓનલાઈન શાળા રજીસ્ટ્રેશન અને ઓન લાઈન પ્રોજેક્ટ/આઈડિયા નોમિનેશન પ્રક્રિયા તા 1/7/2024થી શરૂ થઈ ગઈ છે.

આ સ્કીમમાં ભાગ લેવા માટે જીલ્લા શાળાના વિદ્યાર્થીઓએ પોતાની નડતી જીવન વ્યવહારની સમસ્યાને હલ કરવા પોતાનો વિચાર/આઈડિયા રજુ કરવાનો રહેશે. આ અન્વયે ધો 6થી 8ની શાળા દ્વારા 3 અને ધો 9 થી 10ની શાળા દ્વારા 2 આઈડિયા/ઇનોવેટીવ આઈડિયા વેબ પોર્ટલ( www.inspireawards-dst.gov.in) પર વિદ્યાર્થી/ શાળા દ્વારા અપલોડ (નોમિનેશન કરવાના ) કરવાના થાય છે. આ યોજના અંતર્ગત જેમના આઈડિયા પસંદ થશે તે વિદ્યાર્થીના બેંક ખાતામાં રૂ.10000/ એવોર્ડની રકમ જમા થશે. જેનો ઉપયોગ મોડેલ બનાવવા, જીલ્લા પ્રદર્શનમાં ભાગ લેવા પ્રવાસ ખર્ચ માટે કરવાનો રહેશે.

સુરત જીલ્લામાં દર વર્ષે સરકારી પ્રાથમિક શાળામાંથી જ વધારે નોમિનેશન થાય છે હાઈસ્કુલમાંથી ખુબ જ ઓછુ નોમિનેશન થાય છે. ગત વર્ષે પણ 70 જેટલી હાઈસ્કુલમાંથી જ આઈડિયા નોમિનેશન કરેલ હતા, જે સુરત જીલ્લાની કુલ હાઈસ્કુલના પ્રમાણમાં ખુબ જ ઓછી છે.

આથી હાઈસ્કુલમાંથી વધારે આઈડિયા રજીસ્ટ્રેશન થાય તે માટે રજીસ્ટ્રેશન પ્રકિયાની સંપૂર્ણ સમજ, કેવા કેવા આઈડિયા મુકવા જોઈએ તથા ઈન્સ્પાયર સ્કીમની સમજ માટે એક કાર્યશાળા ટુંક સમયમાં આયોજન થનાર છે.

આથી જે શાળાને ઈન્સ્પાયર એવોર્ડ સ્કીમમાં શાળા રજીસ્ટ્રેશન અને આઈડીયા રજીસ્ટ્રેશનની સમજ નથી કે આજ સુધી જે શાળાએ રજીસ્ટ્રેશન કરાવેલ નથી તે શાળાના ગણિત વિજ્ઞાન વિષયના એક શિક્ષકની વિગત તા: 8/7/24 સુધીમાં નીચે આપેલ QR Codeની લીકમાં ભરવાની રહેશે, જેથી તેમને કાર્યશાળામાં બોલાવી શકાય અને સુરત જીલ્લાની હાઈસ્કુલમાંથી પણ વધારે નોમિનેશન કરાવી શકીએ. ( સંપર્ક: રશ્મીકાંત પટેલ વિજ્ઞાન સલાહકાર, ડાયેટ સુરત -9099453960 )

લીંક: https://forms.gle/rB2yNNMyyf9xprW39 OR

જીલ્લા શિક્ષણાધિકારી
સુરત

પ્રાચાર્ય - I/C
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત

નકલ સવિનય રવાના:

1) રીડરશ્રી, ગ.વિ.એકમ, જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગર

નકલ રવાના સદર પત્ર શાળાને મોકલવા તથા અમલ કરાવવા સારૂં :

1) એસ વી એસ કો ઓર્ડીનેટર શ્રી, તમામ જિ: સુરત